PHONE : 2578501
FAX : (0281) 2586983

ફોન નં. : ૨૫૭૮૫૦૧
ફેક્સ : (૦૨૮૧) ૨૫૮૬૯૮૩

# SAURASHTRA UNIVERSITY

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road,
Rajkot – 360 005

[Re-Accredited Grade "A" by NAAC]

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫

નં. સમન/કો.શિ./ ૪૧૯ /૨૦૧૬

તા. ૧૮/૧૧/૨૦૧૬

<u>સમય મર્યાદા / ઈલેકશન અરજન્ટ</u>

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજોના આચાર્યશ્રીઓ,
યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ,
માન્ય સંસ્થાઓના વડાઓ.

**વિષય:–** <u>"શિક્ષક" મતદાર વિભાગની મતદારયાદી તૈયાર કરવા બાબત.</u>
**સંદર્ભ:–** <u>અત્રેના પત્ર ક્ર. સમન/કો.શિ./૧૨૯/૨૦૧૬, તા. ૧૮/૧૦/૨૦૧૬.</u>

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષક મતદાર વિભાગની મતદાર યાદી તા. ૩૦/૧૧/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન અપલોડ કરવા અંગે સંદર્ભ પરના પત્રથી સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવેલ છે. અત્રેની યુનિવર્સિટીના ધ્યાને આવેલ છે કે કેટલીક કોલેજો / સંસ્થાઓ / ભવનોના વડાઓએ સદર વિગતો તૈયાર કરવા માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી તેમજ જે તે શિક્ષકોના ધ્યાને સદરહુ બાબત મુકેલ નથી. આથી માહિતી ન મળવાને કારણે શિક્ષકો મતદાનના હકકથી વંચીત રહી જવાનો સંભવ રહેલ છે અને તેના કારણે જે તે સંસ્થાના વડાની અંગત જવાબદારીના પ્રશ્નો ઉભા થવાની શકયતા રહેલી છે. સદર બાબત નિવારવા આપની સંસ્થામાં ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફની વિગતો તા. ૩૦/૧૧/૨૦૧૬ ની સમય મર્યાદામાં અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ electoral.saurashtrauniversity.edu પર ઓનલાઈન અપલોડ કરવા, સબમીટ કરવા વિનંતી કરવામાં આવે છે.

જોડાણની શરતો મુજબ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / માન્ય સંસ્થાઓ / ભવનોએ યુનિવર્સિટી દ્વારા માંગવામાં આવેલ નિયત માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવાની થાય છે. જો સદર માહિતી પુરી પાડવામાં નહિં આવે તો તે અંગે જે જવાબદારીના પ્રશ્નો ઉભા થશે તે અંગેની સંપૂર્ણ જવાબદારી કોલેજ / સંસ્થા / ભવનના વડાની રહેશે.

ઓનલાઈન સબમીશન, અપડેશન તથા અન્ય માર્ગદર્શક સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે સંલગ્ન કોલેજનું કોઈપણ એક વર્ષનું જોડાણનું જાહેરનામુ બહાર પડેલ હોય તેવી કોલેજ / માન્ય સંસ્થા / ભવનના શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત શિક્ષકો (ભવનના શિક્ષકો માટે શૈક્ષણિક માન્યતાની આવશ્યકતા નથી) ની વિગતો સબમીટ / અપલોડ કરવાની થાય છે. આ સંસ્થાઓના વડાઓને અત્રેની યુનિવર્સિટી દ્વારા રજીસ્ટર્ડ પોસ્ટ મારફત આઈ.ડી., પાસવર્ડ મોકલવામાં આવેલ છે. જે સંસ્થાઓને આઈ.ડી., પાસવર્ડ મળેલ ન હોય તેવી સંસ્થાઓએ સંસ્થાના લેટરપેડ પર આચાર્યશ્રીની સહીથી પત્ર મોકલ્યે અત્રેની યુનિવર્સિટીના સામાન્ય વિભાગ દ્વારા આઈ.ડી., પાસવર્ડ આપવામાં આવશે, જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ

કુલસચિવ

**નકલ સાદર રવાના:**
માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
**નકલ રવાના વેબસાઈટ પર પ્રસિધ્ધિ અર્થે :**
ડાંયરેકટરશ્રી, કોમ્પ્યૂટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ